ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પીઓએલ/૨૦૦૭/૦૭
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૦૨– ૦૨ – ૨૦૦૭.

:–: પ રિ પ ત્ર :–:

વિષય:– અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં રહેણાંક પ્લોટના વિતરણ બાબત.

નિગમની વસાહતોમાં રહેણાંક પ્લોટોનું ઉદ્યોગના માલિક, ભાગીદારો, નિયામકશ્રીઓ કે ઔદ્યોગિક એકમમાં નોકરી કરતાં કર્મચારીઓ, મેનેજર કે એક્ઝીકયુટીવને ફાળવવાની બાબતે નિગમના તા.૨૨–૦૯–૨૦૦૪ના પરિપત્ર દ્વારા અંશતઃ સુધારો કરી ફાળવવા પાત્ર વિસ્તાર નિયંત્રિત કરવામાં આવ્યો છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં અન્ય વસાહતોની સરખામણીમાં અલગ સ્થિતિ પ્રવર્તે છે. વસાહતમાં ઉદ્યોગના હેતુ માટે ફાળવણી અગે મર્યાદિત વિસ્તાર ઉપલબ્ધ છે. રહેણાંકના હેતુ માટે નિગમે ઔદ્યોગિક એકમો, માલિક–ભાગીદારો, કર્મચારી–મેનેજરો અને કો–ઓપરેટીવ સોસાયટીને જમીન ફાળવી છે.રહેણાંક ઝોનમાં ફાળવણી માટે જમીન ઉપલબ્ધ છે,આ પરિસ્થિતિમાં અંકલેશ્વર વસાહત પૂરતુ વિસ્તારનું નિયંત્રણ દૂર કરવાની રજુઆતો નિગમને મળેલી.છેલ્લે ફેડરેશન સાથે તા.૦૬–૧૨–૨૦૦૬ના રોજ મળેલી મીટીગમાં આ મુદ્દે ચર્ચા થઈ હતી. આ રજુઆતોને અનુલક્ષીને નિગમની તા.૧૬–૧૨–૨૦૦૬ ના રોજ મળેલ ૪૩૧મી સભા સમક્ષ એક કાર્યસુચિ રજુ થઈ હતી. નિગમે ઠરાવ ક્રમાંક.૬૫/વિતરણ/૪૩૧/૨૦૦૬ થી અંકલેશ્વર વસાહત પૂરતી રહેણાંકની મૂળ નીતિ અમલમાં મુકવાની રજુઆતોની વિગત ધ્યાને લઈ કરેલા નિર્ણયના અનુસંધાને નીચે દર્શાવ્યા પ્રમાણેની બાબતે નિગમના તા.૧૭–૦૫–૧૯૯૫ના પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/ ૫૦૯/૯૫નો આંશિક અમલ કરવાનો થાય છે.

(૧) કોઈ એક ઉદ્યોગના માલિકો,ભાગીદાર,નિયામકશ્રીઓને ૫૦૦ ચો.મી.ના દરેકને એક એવા વધુમાં વધુ ૦૩ (ત્રણ) પ્લોટ.

(૨) રહેણાંકના ઉપલબ્ધ વિસ્તારના ૨૦ ટકાની મર્યાદામાં કોઈ એક ઉદ્યોગના મેનેજર,એકઝીકયુટીવ, કર્મચારીઓને ૩૦૦ ચો.મી.ના વધુમાં વધુ ૦૫ (પાંચ) પ્લોટ.

(૩) ઉદ્યોગના માલિક,ભાગીદાર, નિયામકશ્રીઓ કે કર્મચારીઓ,એકઝીકયુટીવ, મેનેજરની મળીને કે ઔદ્યોગિક એકમના નામે વધુમાં વધુ ૧૫૦૦ ચો.મી. જમીન.

(૪) કો–ઓપરેટીવ સોસાયટીના કિસ્સામાં વધુમાં વધુ ૫૦૦૦ ચો.મી. જમીન ફાળવવી. માત્ર

૦૧ થી ૦૩ ના કિસ્સામાં વિતરણ બાદ કો-ઓપરેટીવ સોસાયટીના વિતરણની બાબત હાથ ધરવી.

(૫) ફાળવવામાં આવતાં પ્લોટની પુરેપુરી કિંમત વિતરણ સમયે વસુલ મેળવવી.

(૬) આ પ્રકારે વિતરણ થતાં પ્લોટ પૈકી કોઈ ખુલ્લા પ્લોટની તબદીલી કરી શકાશે નહી. ૦૩ (ત્રણ) વર્ષમાં પ્લોટનો ઉપયોગ ન થાય તો પરત કરવાનો થશે અને આ નીતિ અંતર્ગત ફાળવેલા પ્લોટનું એકત્રીકરણ મંજુર રાખી શકાશે નહી.તેવી સ્પષ્ટ શરત ઓફર કમ એલોટમેન્ટ લેટર અને કરારખતમાં સામેલ કરવી.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજર(વિતરણ)ને પાઠવવી.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

વિભાગીય પ્રબંધક(મ.ગુ) જી.આઈ.ડી.સી. અંકલેશ્વર.

રવાના કર્યુ.

મેનેજર(મહેકમ)